॥ श्री सर्वज्ञाय नमः ॥

શ્રી કર્મસિંહજી સ્વામીની

સ્તવના.

સંપાદક—શાહ મેઘરાજ ચાંપશી.

રહેવાશી કચ્છ-મુંદ્રા.

પ્રકાશક—લાલજી પદમશી.

રહેવાશી કચ્છ-મુંદ્રા.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

કીંમત અમુલ્ય.

નડીઆદ—અમદાવાદી બજારમાં
શ્રી "લક્ષ્મીવિલાસ" પ્રી. પ્રેસમાં
પારેખ ડાહ્યાભાઈ મહેરબાનભાઈએ છાપી.

૫૫૫૩

॥ श्री सर्वज्ञाय नमः ॥

પૂજ્યપાદ શ્રી કર્મસિંહજી સ્વામીની

સ્તવના.

ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ

જીનગુરૂ જિનવાણી નમી, ગાઉં સુગુરૂ ચરિત્રજી;
સ્નેહ ધરી શ્રોતા સાંભળો, થાશે જન્મ પવિત્રજી.
" મુનિ ચરિત ફલદાયી છે." ૧

કૃષ્ણગુરૂના ગચ્છમાં, સ્વામી કર્મસિં નામજી;
વાણી નિમળ કરવા કરૂં, તેનાં ચરિતનું ગાનજી.
" મુનિ ચરિત ફલદાયી છે." ૨

ધન હરનાર ગુરૂ ઘણા, કામી ક્રોધી વિશેષજી;
તાપ ત્રિવિધ હરનાર તો, સ્વામી કર્મસિં એહજી.
"મુનિ ચરિત ફલદાયી છે." ૩

કચ્છ દેશે વાંકીમાં, વસ્તા વણિક પવિત્રજી;
હેમરાજશા, ભાનુમતિ, તેનાં સારાં ચરિત્રજી.
"માતપિતા ગુણિ અલહજો." ૪

સંવત અઢાર છયાસીએ, ચૈત્ર પંચમી સારજી;
પુત્ર રત્ન એક સાંપડયું, કુળને રે તારનારજી.
"સપુત મળે પુણ્ય યોગથી." ૫

કર્મ બંધનને તોડવા, લેવો ઉગ્ર પ્રયાસજી;
ભાવીએ લેખ લખી દીધા, પાડયું કર્મસિં નામજી.
"નામ તેવા ગુણ કોકમાં." ૬

દેવાંશી સમ દીપતો, વિમલ હૃદય અપારજી;
શુભ સંસ્કારોથી ભર્યો, માતપિતાએ ઉદારજી.
"ધર્મ ધ્યાને ચિત્ત શુદ્ધ હો." ૭

સગપણ નાની વયે થયું, કીધા બહુ સતસંગજી;
જ્ઞાન અને વૈરાગ્યનાં, કીધાં પદ બહુ કંઠજી
"દીસે બાલક ગુણ પારણે." ૮

એક સમે પત્રી ગામમાં, થયો કર્મે મેલાપજી;
સ્વામી પાનાચંદજી તણો, થયા શાસ્ત્ર આલાપજી;
"સિદ્ધિ મળે ગુરૂ યોગથી." ૯
ગુરૂનો સદબોધ ચોંટીઓ, શિષ્ય ચિત્ત પવિત્રજી;
તીવ્ર વિરાગ ઉદય થયો, પુણ્યશીલ માવીત્રજી.
"ધન ધન ગુરૂ પાનાચંદજી." ૧૦
"વિરસ વિષય સુખને ગણી, ભોગેચ્છા ત્યજી દૂરજી."
"આત્મગુણો વિકસાવવા, કેડ કસે કો વિરલજી."
"વિષય સુખે સુખ છે નહિ." ૧૧
"ઇચ્છા માત્રથી ધારીઆ, વિષયો ના મુકાયજી;"
તો "પ્રાપ્ત વિષય છોડી ચાલવા દઢ નિશ્ચય કોને થાયજી!"
"કઠીન અહો! વૈરાગ્ય છે." ૧૨
"વિષય સુખે ખરડાએલી, બુદ્ધિ સમજે ન લેશજી."
"ત્યાગ માહાત્મ્ય, સ્વરૂપને, વધારે બહુ કલેશજી."
"ભાવ ધરી ભવી સાંભળો." ૧૩
વાગ્દાને થઇ પત્ની તે, માની ધર્મની બ્હેનજી;
ધન જન વિભવ સહુ ત્યજી, ઉગ્ર ધારીઓ ભેખજી.
"ધન ધન એવા જીવને." ૧૪

બહુ આયાસે પિતા તણી, લીધી આજ્ઞા સંપૂર્ણજી;
માયા મમતા મુકી કરી, વિચર્યા ગુરૂ સંગાથજી.
"ધન ધન એનાં માવિત્ર..." ૧૫

ઓગણીસ ચારની સાલમાં, અખાત્રીજ શુભ દિનજી;
સિદ્ધપુરે ગુજરાતમાં, લીધું ચારિત્ર ટકીનજી.
"ધર્મ ઉદ્યોત એથી બને." ૧૬

"કર્મ ઝુંડથી છુટવા, ત્યાગ એક ઉપાયજી:
"ધન પુત્રાદિ કે કર્મથી, એતો નહિજ સહાયજી."
"ત્યાગ એ ઉત્તમ ભાગ્ય છે" ૧૭

મોહથી કે આવેશથી, દુઃખથી લીધેલ ત્યાગજી:
વ્યર્થ, એથી સિદ્ધિના મળે, એવા ત્યાગ ને ત્યાગજી.
"જ્ઞાન ગર્ભિત ત્યાગ શોભનો" ૧૮

જ્ઞાન અને વૈરાગ્યથી, ત્યાગાશ્રમ બહુ સોયજી
મુનીવર તો એવા હજો, રાગ દ્વેષ ન હોયજી.
"ભવસાગર પાર એ કરે." ૧૯

પંચ વિષય વિષ સમ ગણી, પંચ સઝાય કરંતજી:
પાવન પચ્ચીસ ભાવના, નિશદિન મન ધ્યાવંતજી.
"ભાવે ધરી ભવી સાંભળો." ૨૦

ત્યાગ અને વૈરાગ્યથી, જપ તપ વ્રત બહુ વિધજી;
નિત્ય નિયમથી આદરે, ધરી અંતર બહુ પ્રીતજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૧

અધ્યાત્માનુભવે રચ્યું, ચિત્ત જેનું પવિત્રજી;
પરનિંદા કદી ના કરે, ચારૂ જેનાં ચરિત્રજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૨

નિન્દા સ્તુતિ સુણી આપની, હર્ષ ખેદ ન થાયજી.
સત્ય ઉદ્યમમાં હરઘડી, રાત્રિ દીવસ જાયજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૩

બહુ શાસ્ત્રો અવલોકીઆં, મળ્યા સાધુઓ સાથજી;
વિહાર કર્યો બહુ બહુ સ્થળે, કીધો ધર્મ ઉદ્યોતજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૪

જૈન વળી અન્ય પંથના, જેનાં દર્શન ચાયજી;
સમ દ્રષ્ટિ મૂનિ સર્વદા, જ્ઞાન ચર્ચામાં ન્હાયજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૫

ઓગણીસ ઓગણસાઠમાં, પુજ્યપાદ આચાર્યજી;
સંઘે મંડન પુરે સ્થાપીઆ, શોભાવ્યું રૂડું કાર્યજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૬

અખંડ વિહારીને ઉદ્યમી, બોધ્યા બહુ બહુ જનજી;
દુષ્કર્મોથી વારીઆ, કીધા સફલ જનમજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૭

સંયમી શિષ્ય તપાસીને, કીધા દીક્ષિત, યોગ્યજી;
સંઘ સુધારા બહુ કર્યાં, આપી ઉત્તમ બોધજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૮

જૈન ભંડાર ખોલાવીઆ, કરવા જ્ઞાન પ્રચારજી;
સાધુ શાળાથી જૈનમાં, માન પામ્યા અપારજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૨૯

તપક્રિયાને વિહારથી, વૃદ્ધાવસ્થાથી તેમજી;
શરીર શિથિલ પડતાં પછી, સ્વીકાર્યો સ્થિર વાસજી.
મુંદરાનગર પાવન કર્યું. ૩૦

જ્ઞાન કુંજે કેલી કરે, ધ્યાન પરાયણ નિતજી;
મોહ ફોજને તોડીને, શીખવે સૌને સુરીતજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૧

ઓગણીસ ઓગણોતેરમાં સપડાયા વ્યાધિ હાથજી;
વૃત્તિ શમી મન શાન્તિથી, સંભારે જિન નાથજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૨

સંઘ પડ્યો વિમાસણે, બોલાવ્યા દર્શન કાજજી;
આવક ગામો ગામના, એતો ભાગ્યની વાતજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૩
દ્વિતીય અષાડની પંચમી, કૃષ્ણપક્ષ શનિવારજી;
કર્મનાં બંધન ફેડીને, પહોંચ્યા સ્વર્ગને દ્વારજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૪
મુંદરા આદિક ગામમાં, હિંદુ મુસલમાનજી;
કામ ધંધો ત્યજી તે દિને, દેખાડ્યું નિજ માનજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૫
પચ્ચીસ ખંડની માંડવી, રચી અનુપમ અપારજી;
સંઘ સકળ શોક સાગરે, ડુબ્યો થઇ નિરધારજી.
ભાવ ધરી ભવી સાંભળો. ૩૬
એમની શાન્તિ અર્થે તો, થયાં બહુ ધર્મ કામજી;
અનુયાયી વર્ગે પ્રીતથી, ખર્ચ્યાંઆ બહુ દામજી.
"એવા મુનિ બહુ પાકજો." ૩૭
દિવ્ય જ્ઞાનના બાગનું, ઉડ્યું બુલબુલ આજજી;
એવારે સ્વામી ક્યારે પામશું, દુઃખી સકલ સમાજજી.
"શાન્તિ આપો પ્રભુ એમને" ૩૮

રે રે કાળ કરાળતું, ક્ષણમાં હરી ગયો દૂરજી;
સાચો ગુરૂ ઉપદેશક, સુધારક કોહિનુરજી.
"મુનિ ચરિત્ર અકથ્ય છે" ૩૯

કર્મસિંહજી સ્વામીના ચરણ કમળનો ભ્રંગજી;
નાગચંદ્ર કહે ભવોભવે, હોજો સુગુરૂનો સંગજી.
"શ્રોતા વકતા સુખીઆ હજો." ૪૦

નાનચંદજી સ્વામીની નિરવાણ મોછાંની જોડ.

(થે ગોણાજીયેં મને ગોડ ન રાખ્યો એ દેશી છે.)

નાનચંદજી સ્વામી ગુણવંતા, ચારેં તીરથ માહે જાહેરવંતા,
સવંત ઓગણીસ ત્રેસઠ સાલે, ચોમાસો કર્યો વર્ષાકાલે.
સ્વામી ચોમાસો મુદ્રે પધારો. એ. ૧

મુદરા શહેરમાં ચોમાશું કીધું,
ઊપદેશ શ્રાવક જનને દીધું.
વિનયચંદજી સ્વામીને વાતજ કીધી,
માંડવી ચોમાસોને આજ્ઞા દીધી. સ્વામી ૨

સ્વામી ભણવા સારૂ મોકલ્યા ત્યાંહી,
ચોમાસો કરીને આવજો આંહી;
સ્વામીએ ચોમાસો કીધો ખંતે,
શ્રાવક જનને હરખ દીસંતે. સ્વામી ૩

સ્વામી શ્રાવક સહુજન રાજી થાય,
ભલે પધાર્યા મહામુની રાય;

એમ સહુજન વાણીજ બોલે,
　　એહ પુરૂષને નહિ કોઇ તોલે. સ્વામી ૪

લક્ષ્મીચંદજી સ્વામીને રાખે પાસે,
　　વલી હેમચંદજી સ્વામી પણ પાસે રાખ્યા;
મુંદરા શહેરમાં ચોથો કાલ,
　　મુનીનાં દરસન કરે બાલગોપાલ. સ્વામી ૫

શ્રાવક શ્રાવિકા રહે મન રંગે,
　　મુની દેશના સંભાલે ઉમંગે;
ધરમ ધ્યાનની વૃદ્ધી બહુ થાય,
　　સ્વામીજી દીવસો સુખેરે ગમાએ. સ્વામી ૬

સંઘ ચતુરવિધને બોધજ દીએ,
　　ગ્નાન થવાને માટે મહેનત લીયે;
પંચમહા વૃતરૂરી પરે પાલે,
　　નિજ શીષ્યોને પણ સંભાલે. સ્વામી ૭

ગુણ સતાવીશે કરી દીપે,
　　બાવીસ પરિસાહને સમતાએ જીતે;

પંડીત ધીરજ ગુણના દરીઆ,
સમતા રસે કરી પુરણ ભરીયા સ્વામી. ૮

સરલ સ્વભાવે આતમ રાખે,
ભદ્રિક પરિણામે વિનયને ચાખે;
નિત્ય સંમભાવે રહેતાં ઉમંગે,
સરાવણ માસ આવીઉ છે રંગે. સ્વામી ૯

કરસન પક્ષની અષ્ટમાં આવી જ્યારે,
મુનીને બીમારી વધીજ ત્યારે;
દીન દીન બીમારી વધતી જાયે,
સમતાભાવે સહે મુનીરાએ સ્વામી ૧૦

રામજીસાહ પ્રમુખ વાલા સંતે,
ગુરૂ સેવા કરતાં તન મન રંગે;
સંગ ચતુરવિધ સેવા કરતાં,
મુનીની સેવામાં હાજર રહેતાં. સ્વામી ૧૧

અનેક ઉપચાર કરતાં ઉમંગે,
વૈદ્ય બોલાવી મન રંગે;

ઓષધ કરતાં મટી ન માંદાઈ,
　　માસ ભાદરવાની છઠ આઈ. સ્વામી ૧૨

મુનિની વ્યાધી જે વારે,
　　કાગલ લખે રામજીશાહ તે વારે;
સંગ સહુ મલીને બોલાવે,
　　ગામોગામનાં સંગ તેડાવે. સ્વામી ૧૩

ગુરૂને બીમારી છે અતી ભારી,
　　દરસન કરવા આવજો આ વારી;
નવી નાર કાગલ પણ લખે એમ,
　　વિજપાલજી સ્વામી આવે જેમ. સ્વામી ૧૪

માંડવી કાગલ લખે વલી એમ,
　　મુનિ વિન્યચંદજી આવે તેમ;
મુનિ વિન્યચંદજીએ કાગલ વાંચ્યો,
　　ગુરૂ દરસન કરવા મન રાચ્યો સ્વામી ૧૫

દેવચંદજી સ્વામીને કહે એમ,
　　આપણે જઈએ મુદરે જેમ;

દરસન કરવા ઊમંગ થયો,
માંડવીથી વિહારજ કર્યો. સ્વામી ૧૬

અનુક્રમે આવે આનવિનાલ ગામ,
વિજપાલજી સ્વામીને વાંદે એમ;
આવી અષ્ટમી તિથી નામ,
સાંઝ વખત થયો જાંમ. સ્વામી ૧૭

હવેથી નાનચંદજી સ્વામી સ્વર્ગ પધાર્યા એ આકડી.

મુની લખમીચંદજી સ્વામીને મુર્છા આઇ,
સંગ સકલમાં નિંદા ફેલાઇ;
એવા પુરૂષની પડીરે ખામી,
નાનચંદજી સ્વામી બહુ ગુણધામી. નાનચંદજી સ્વામી ૧૮

ગુરૂ સ્વર્ગ પધારે આની વાણી,
સર્વ ગામોગામે વાત ફેલાણી;
મનના મનોરથ મનમાં રહ્યા,
ગુરૂના દરસન અમે નમિલીયા. નાનચંદજી સ્વામી. ૧૯

મુદરા શહેરમાં પડી હળતાલ,
શોક કરે સર્વ બાળગોપાળ;
સર્વ ઠેકાણે પોતા સમાચાર,
બંધ રાખે આ વણજ વેપાર   નાનચંદજી સ્વામી. ૨૦

નાનચંદજી સ્વામીએ કાલ કર્યો,
સાધુ સાધવીએ આહાર પરિહર્યો;
તેમજ પશ્ચાતાપ બહુ કીધો,
મુની સેવાનો લાભ ન લીધો.   નાનચંદજી સ્વામી. ૨૧

મુની વિનયચંદજીએ વાતજ જાણી,
મુઝ ગુરૂ સ્વર્ગે પોતા છે નાણી;
અંત સમય મુઝને પાસે ન રાખ્યો,
સ્વર્ગે જવાનો મુજને ન દીખયો   નાનચંદજી સ્વામી. ૨૨

હું તમને આડો ન આવત,
સ્વર્ગે સુખમાં કાંઇ ભાગ ન પાડત;
વિનયચંદજી સ્વામીએ શોક બહુ કીધો,
જ્ઞાનનો લાભ પુરણ નવિ લીધો.   નાનચંદજી સ્વામી. ૨૩

ચેન રહે એહ મુની જયકારી,
સર્વ ગુણ ગાઓ તમે નર નારી;
ગુરૂ વિરહથી થયો દુખ જેહ,
ભારી વર્ણન કરતાં નાવે છેહ. નાનચંદજી સ્વામી. ૨૪

મુનીએ પોતાનો આતમ તાર્યો,
જેહ શરીરનો છેહ વરતાયો;
મોહની કર્મ સર્વ દુરે ટાલયાં,
વલી આતમ મારગ અજવાલ્યો. નાનચંદજી સ્વામી· ૨૫

સંવત ઓગણીસ ત્રેસઠકી સાલે,
સં. ૧૯૬૩ સાલ આસુ શુદ ૩ વરખાકાલે;
એહ સેવક તેણી છે અરજી,
એણીપરે જોડ જોડી કુંવરજી શાહ.
નાનચંદજી સ્વામી સરગે પધાર્યા પુરણ. ૨૬

સં. ૧૯૭૦ ના માગસર શુદ ૧ ને વાર સનેઉ તા૦ ૨૯ નવેંબર ૧૯૧૩ આ જોડ આઆમાં ઉતારી છે લા. બાઇ મોણશી વિ. લાલજીએ લખી છે કાનો મંત્રપદ

ઓછો અધીકો હોય તો સુધારીને વાંચજો અમો અમારી અલ્પ બુધીથી લખી છે તે જાણજોજી.

સંવત ૧૯૭૧ ના પહેલા વૈશાખ શુદી ૧ ને ગુરૂવાર.

તા ૧૫ માહે એપ્રીલ સને ૧૯૧૫

છપાવનાર-લાલજી પતુ કચ્છમુદ્રા બંદરવાળા

શાન્તિ. શાન્તિ. શાન્તિ.

જાહેર ખબર.

બક્ષીસ—જો તમારે પૈસાનું બ-
ચાવ મફત જોઈએ તો બે આનાની ટી-
કીટ મોકલો તેની યોજના સાથે ઘર-
ગથ્થુ વૈદુ અને સાચા મોતીના સફેદ
સુરમાનો નમુનો મફત મોકલીશું

પત્ર વહેવાર.

ડાકટર મોહન—નડીઆદ (ગુજરાત).